## Gujarati Press

**ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડો.રાજુલ કે.ગજ્જરને ISTEની પ્રતિષ્ઠિત માનદ ફેલોશીપ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.**

ઇન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજ્યુકેશન (ISTE), દિલ્હી દ્વારા તેની પ્રતિષ્ઠિત માનદ ફેલોશીપ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ના કુલપતિ ડો.રાજુલ કે.ગજ્જરને આપવામાં આવી.

ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજયુકેશનનો ૫૪મો વાર્ષિક સમારોહ તા.14મી ફેબ્રુઆરીએ પંજાબના રોપર ખાતે આવેલ લામરીન ટેક સ્કિલ યુનિવર્સિટી ખાતે યોજાયો, જેમાં પંજાબ સરકારશ્રીના કેબિનેટ અને નાણાં મંત્રીશ્રી, AICTE ના અધ્યક્ષશ્રી તેમજ ISTE ના અધ્યક્ષશ્રીની ઉપસ્થિતિ માં કુલપતિ ડો.રાજુલ કે.ગજ્જરને આ માનદ ફેલોશીપથી સન્માનિત કરવામાં આવ્યા.

ડૉ. રાજુલ ગજ્જરને તેમના થકી તકનીકી શિક્ષણના વિવિધ આયામો, જેમ કે NEP-2020ના અમલમાં જીટીયુ દ્વારા દેશભરમાં હરણફાળ, શિક્ષણમાં સ્કિલ બેસ્ડ ટ્રેનિંગના કોર્સિસ, તકનીકી સંશોધન અને શિક્ષણને ઉદ્યોગો સાથે સંલગ્ન કરવાનો પ્રયાસ, ઇનોવેશન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન બદલ આ માનદ ફેલોશીપ પ્રદાન કરવામાં આવી છે. વધુમાં, ડૉ. ગજ્જર એ દેશભરમાં AICTE અને NBA જેવી રેગ્યુલેટરી સંસ્થાઓના ઉચ્ચસ્તરીય કમિટીઓમાં અધ્યક્ષતા અને પ્રેરણાદાયક યોગદાનની પણ ISTE દ્વારા નોંધ લીધેલ છે.

ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજ્યુકેશન, દિલ્હીના ચેરમેનના અધ્યક્ષસ્થાને રચાતી સર્ચ કમિટી દ્વારા આ અંગે યોગ્ય ઉમેદવારોની શોધ કરીને આ ફેલોશિપ અપાતી હોય છે.

## English Press

**Dr. Rajul K. Gajjar, Vice Chancellor of Gujarat Technological University, has been honored with the prestigious Honorary Fellowship of ISTE.**

------------------------------------------------------------

The prestigious Honorary Fellowship of the Indian Society for Technical Education (ISTE), Delhi, was conferred upon Dr. Rajul K. Gajjar, Vice Chancellor of Gujarat Technological University (GTU).

The 54th Annual Convention of ISTE was held on 14th February at the Lamrin Tech Skill University in Ropar, Punjab, where Dr. Rajul K. Gajjar was honored with this Fellowship in the presence of the Hon'ble Finance Minister and Cabinet Minister of the Punjab Government, the Chairman of AICTE, and the President of ISTE.

Dr. Rajul Gajjar was awarded this Honorary Fellowship for her significant contributions to various aspects of technical education, including her role in the implementation of NEP-2020 by GTU across the country, the introduction of skill-based training courses in education, promoting technical research, aligning education with industries, and fostering innovation ecosystems. Furthermore, ISTE has also recognized Dr. Gajjar's leadership and inspirational contributions through her chairmanship of high-level committees of regulatory bodies like AICTE and NBA across the Nation.

The Fellowship is awarded by ISTE through a search committee constituted under the Chairmanship of the President of the Indian Society for Technical Education, Delhi, which identifies the deserving candidates for this prestigious recognition.